# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૦૧ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

..........................................................................................

કામ નંબર.:(૧)

વિષય.: તા.: ૨૯–૦૧–૨૦૧૬ તથા તા.:૧૮–૦૩–૨૦૧૬ના રોજ મળેલ સામાન્ય સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી મંજુર કરવા બાબત.

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.: કૌશીકભાઈ માકડીયા

સભ્યશ્રી મનીયારભાઈએ ચર્ચામા ભાગ લીધો.

ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી કિશોરભાઈએ જણાવ્યુ કે,નદી પાસે ડમ્પીંગ સાઈડ અને કચરાના યોગ્ય નિકાલ માટે જમીન સંપાદન કરવા માટેની દરખાસ્ત રજુ કરેલ છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, દરેક વોર્ડ ના કામો ગ્રાન્ટ હેઠળ આવરી લઈ સ્વર્ણિમ જયંતી યોજના હેઠળ કરવાના થાય છે.જેથી પ્રાયોરીટીના ધોરણે વોર્ડના સભ્યશ્રીઓ ધ્વારા કામોની યાદી ચેરમેનશ્રી કારોબારી સમીતીને પહોચતી કરવા જણાવ્યુ. સભ્યશ્રી મનીયારભાઈએ જણાવ્યુ કે, મકાનો આપવા માટેની યોજનાના ફોર્મો ભરેલ છે જે યોજનાઓ વિશેષ માહીતી આપવા જણાવ્યુ.હયાત સરકારી જમીનના આવાસોની જગ્યાઓ પર મકાનો બનાવવા માટે યોજના છે કે કેમ ?.

ચીફ ઓફીસરશ્રી શૈલેષભાઈ પટેલે જણાવ્યુ કે, હાલે સરકારશ્રી ધ્વારા આવાસો માટેની યોજના કાર્યરત છે.જેમા એફોટેબલ હાઉસીગ તેમજ પીપીપીના ધોરણે સરકારશ્રીની ફાજલ પડતી જમીનો પર આવાસોનુ આયોજન કરી શહેરી ગરીબ કુટુંબોને આવાસો આપવાની સરકારશ્રીની યોજના અમલમા છે.જેની વેબસાઈડ ઉપર વિસ્તૃત માહીતી આપવામા આવેલ છે.

સભ્યશ્રી મનીયારભાઈએ જણાવ્યુ કે,આગામી સામાન્ય સભા તા.:૨૯–૦૧–૨૦૧૬ના વધારાના કામ નં.૩૨મા નાના તાઈવાડ રોડ પર ડીપી એલાઈમેન્ટમા આવેલ સ્ટેરકેસ દુર કરતા લોખંડનો દાદર મુકવાની પરવાનગી સબંધે વાંધો દર્શાવેલ છે.

સભ્યશ્રી પ્રવિણભાઈ કચ્છીએ જણાવ્યુ કે, ૧૨૦ આવાસના રહીશોને માલીકી ધોરણેના હકકો આપવા જોઈએ. જે માટેની જે કોઈ દરખાસ્ત કરવી ઘટે તે કરવી જોઈએ.તેમજ શ્યામજીકૃષ્ણ વર્માની પ્રતિમા રામરોટી ચોક પાસે અનાવરણ કરવામા આવ્યુ તે માટે સૌને ધન્યવાદ છે.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે,પ્રમુખશ્રીને અભિનંદન આપવા ઘટે.હમો વિરોધ પક્ષનાસભ્યો હોવા છતાં વિકાસના કામોમા રસ રાખ્યો છે અને પ્રમુખશ્રી મહીલા હોવા છતાં શહેરના વિકાસ માટે શહેરનુ નામ રોશન કરવા અનેકવિધ પ્રોજેકટો શરૂ કરવા માટે સરકારશ્રીમા ગાંધીનગર યોગ્ય રજુઆતો કરી ૩ા વર્ષમા ઘણા સારા કામો કર્યા છે.જેઓને હમો હંમેશા સહકાર આપતા રહીશું.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે, પાણીનો પ્રશ્ન આવી રહયો છે.અબ્રામા અડધો વિસ્તાર તેમજ અન્ય વિસ્તારોમા પુરતા પ્રેસરથી પાણી મળતુ નથી જેથી બુસ્ટર પંપો મુકવા જરૂરી છે.તેમજ પ્રિમોન્સુનની કામગીરી માટે ભાડેથી જેસીબી,તથા ટ્રેકટર ભાડે લેવા જરૂરી છે.તેમજ ટેક્ષ વધારા માટે વાંધા સુચનો સાંભળવા જોઈએ.બાકી ટેક્ષ માટે કાર્યવાહી થવી જોઈએ.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, જિલ્લા આયોજન મંડળની ગ્રાન્ટમાથી બુસ્ટર પંપનું આયોજન કરવા માટે ઈજનેરશ્રીને સુચના આપવામા આવી.તેમજ પ્રિમોન્સુનની કામગીરી માટે જેસીબી , ટ્રેકટર ભાડે લેવા જણાવ્યું.ટેક્ષ વધારા માટે વાંધા સુચનો આગામી માસમા તા.:૫ અને ૬ / ૦૫ /૨૦૧૬ના રોજ વાંધા સાંભળી દરખાસ્ત પ્રજાના હિતમા રહી કામગીરી કરવામા આવશે.અને જે કારોબારી સમીતીમા જેની કાર્યવાહી હાથ ધરવામા આવશે.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે,બાકી કરદાતાઓ સામે આગામી કાર્યવાહી કરવી જરૂરી છે.બજેટ આવક – જાવક જેના ઉપર વહીવટ જાળવવો જરૂરી છે.ઘણી મોટી રકમના ટેક્ષ બાકી હોય તેઓની સામે કાર્યવાહી કરવી જરૂરી છે.જરૂર જણાંયે મોટા કરદાતા ,રેલ્વે,તેમજ સરકારી કચેરી, જી.ઈ.બી.,જેવી સંસ્થાઓ સાથે સંકલન કરી કાર્યવાહી કરવી પડે.

સભ્યશ્રી ઉર્વશીબેન પટેલે જણાવ્યુ કે, નાઈટ્રેક્ષ કંપની કેટલુ ભાડુ ચુકવે છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, પહેલા પાંચ લાખ રૂપિયા ચુકવતા હતાં તેની જગ્યાએ પંદર લાખ રૂપિયા ચુકવે છે. અને તેઓએ બે પ્રોજેકટ માટે દાન પેટે પણ મોટી રકમ આપેલ છે.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે, નગરપાલિકા કેસો લડવા માટે જરૂરીયાતના / તાકીદના સંજોગોમા અન્ય વકીલ પણ રોકી શકે છે .

**ઠરાવ.:**

તા.: ૨૯–૦૧–૨૦૧૬ તથા તા.:૧૮–૦૩–૨૦૧૬ના રોજ મળેલ સામાન્ય સભાની કાર્યનોંધ દરેક સભ્યશ્રી ઓને પહોચતી કરેલ છે જે વંચાયેલી ગણી મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૦૨ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

..........................................................................................

કામ નંબર.:(૨)

વિષય.: તા.:૧૮–૦૪–૨૦૧૬ના રોજ મળેલ કારોબારી કમીટીમા ઠરાવ્યા મુજબ વોર્ડ નં.૪ મા ખડકી ભાગડા ,કુંભારવાડ વિસ્તારમાં શ્રી રમણભાઈ પ્રજાપતિના ઘરથી શ્રી દલપતભાઈ પ્રજાપતિની દુકાનના પાછળના ભાગ સુધીના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટેની પાકી ગટર બનાવવાના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૭૦, ૮૦૦ –અંકે રૂપિયા સીત્તેર હજાર આઠસો પુરાનુ મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.: શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કારોબારી સમીતી ઠરાવ નંબર.: ૨ / તા.: ૧૮–૦૪–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૪ મા ખડકીભાગડા ,કુંભારવાડ વિસ્તારમાં શ્રી રમણભાઈ પ્રજાપતિના ઘરથી શ્રી દલપતભાઈ પ્રજાપતિની દુકાનના પાછળના ભાગ સુધીના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટેની પાકી ગટર બનાવવાના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૭૦ ,૮૦૦ –અંકે રૂપિયા સીત્તેર હજાર આઠસો પુરાનુ મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૦૩/ તા.:૨૯– ૦૪– ૨૦૧૬

........................................................................................................................

કામ નંબર.:(૩)

વિષય.: તા.:૧૮–૦૪–૨૦૧૬ના રોજ મળેલ કારોબારી કમીટીમા ઠરાવ્યા મુજબ વોર્ડ નં.૧૦ શ્રી નગીનભાઈના ઘરની પાછળના ભાગથી શ્રી બાબુભાઈના ઘર સુધીનો રોડ / ગલી વિસ્તાર પેવર બ્લોકવાળો બનાવવાના કામનું એસ્ટીમેઈટ રૂા.: ૨,૩૬,૪૦૦/–અંકે રૂપિયા બે લાખ છત્રીસ હજાર ચારસો પુરાનું મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.: શ્રી ભરતભાઈ સી. પટેલ

ઠરાવ.:

કારોબારી સમીતી ઠરાવ નંબર.: ૫ / તા.: ૧૮–૦૪–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૦ શ્રી નગીનભાઈના ઘરની પાછળના ભાગથી શ્રી બાબુભાઈના ઘર સુધીનો રોડ / ગલી વિસ્તાર બિસ્માર હાલતમા હોય તથા સદર વિસ્તારના રહીશોને આવવા – જવામા મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવર બ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૨,૩૬,૪૦૦/–અંકે રૂપિયા બે લાખ છત્રીસ હજાર ચારસો પુરાનું મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૦૪ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

.......................................................................................

કામ નંબર.:(૪)

વિષય.: તા.:૧૮–૦૪–૨૦૧૬ના રોજ મળેલ કારોબારી કમીટીમા ઠરાવ્યા મુજબ વોર્ડ નં.૧૦ મણીસદન વિસ્તારમા શ્રી નાનુભાઈના ઘરની સામેના રસ્તા સુધીનો રોડ / ગલી વિસ્તાર પેવર બ્લોકવાળો બનાવવાના કામનું એસ્ટીમેઈટ રૂા.:૩,૬૫,૬૦૦/–અંકે રૂપિયા ત્રણ લાખ પાંસઠ હજાર છસો પુરાનું મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.: શ્રી આશીષભાઈ દેસાઈ

ઠરાવ.:

કારોબારી સમીતી ઠરાવ નંબર.: ૭ / તા.: ૧૮–૦૪–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૦ મણીસદન વિસ્તારમા શ્રી નાનુભાઈના ઘરની સામેના રસ્તા સુધીનો રોડ / ગલી વિસ્તાર બિસ્માર હાલતમા હોય તથા સદરવિસ્તારના રહીશો ને આવવા – જવામા મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવર બ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.:૩,૬૫,૬૦૦/–અંકે રૂપિયા ત્રણ લાખ પાંસઠ હજાર છસો પુરાનું મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૦૫ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

........................................................................................

કામ નંબર.:(૫)

વિષય.: તા.:૧૮–૦૪–૨૦૧૬ના રોજ મળેલ કારોબારી કમીટીમા ઠરાવ્યા મુજબ વોર્ડ નં.૧૦ મણીસદન વિસ્તારમા શ્રી રામુભાઈના ઘરવાલી ગલીનો રોડ / ગલી વિસ્તાર બિસ્માર સામેના રસ્તા સુધીનો રોડ / ગલી વિસ્તાર પેવર બ્લોકવાળો બનાવવાના કામનું એસ્ટીમેઈટ રૂા.:૪૦,૩૦૦–અંકે રૂપિયા ચાલીસ હજાર ત્રણ સો પુરાનુ મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.: ઓઝા ર્ડા.પુષ્પાબેન રામજોર

ઠરાવ.:

કારોબારી સમીતી ઠરાવ નંબર.: ૮ / તા.: ૧૮–૦૪–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૦ મણીસદન વિસ્તારમા શ્રી રામુભાઈના ઘરવાલી ગલીનો રોડ / ગલી વિસ્તાર બિસ્માર હાલતમા હોય તથા સદર વિસ્તારના રહીશોને આવવા –જવામા મુશ્કેલી ૫ડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી વિસ્તાર પેવર બ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.:૪૦,૩૦૦–અંકે રૂપિયા ચાલીસ હજાર ત્રણ સો પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૦૬ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

..........................................................................................

કામ નંબર.:(૬)

વિષય.: તા.:૧૮–૦૪–૨૦૧૬ના રોજ મળેલ કારોબારી કમીટીમા ઠરાવ્યા મુજબ મણીબાગ સત્યનના ઘરથી ખુશ્બુ એપાર્ટમેન્ટ સુધીનો રોડ / ગલી વિસ્તાર બિસ્માર હાલતમા હોય પેવર બ્લોકવાળો બનાવવાના કામનું એસ્ટીમેઈટ રૂા.:૨,૧૯,૬૦૦/–અંકે રૂપિયા બે લાખ ઓગણીસ હજાર છસો પુરાનુ મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.: શ્રી ભરતભાઈ સી. પટેલ

ઠરાવ.:

કારોબારી સમીતી ઠરાવ નંબર.: ૯ / તા.: ૧૮–૦૪–૨૦૧૬ની ભલામણ મુજબ મણીબાગ સત્યનના ઘરથી ખુશ્બ એપાર્ટમેન્ટ સુધીનો રોડ / ગલી વિસ્તાર બિસ્માર હાલતમા હોય તથા સદર વિસ્તારના રહીશોને આવવા – જવામા મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવર બ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.:૨,૧૯,૬૦૦/–અંકે રૂપિયા બે લાખ ઓગણીસ હજાર છસો પુરાનુ મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૦૭ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

....................................................................................................

કામ નંબર.: (૭)

વિષય.: તા.:૧૮–૦૪–૨૦૧૬ના રોજ મળેલ કારોબારી કમીટીમા ઠરાવ્યા મુજબ વોર્ડ નં.૨,તરીયાવાડ વિસ્તારમા શ્રી નિલેષભાઈના ઘરની સામે મંદીર પાસેનો રોડ / ગલી વિસ્તાર પેવર બ્લોકવાળો બનાવવાના કામનું એસ્ટીમેઈટ રૂા.:૮૭,૪૦૦/–અંકે રૂપિયા સતીયાંસી હજાર ચારસો પુરાનુ મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.: શ્રી હિતેશભાઈ રાણા

ઠરાવ.:

કારોબારી સમીતી ઠરાવ નંબર.: ૧૦ / તા.: ૧૮–૦૪–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૨,તરીયાવાડ વિસ્તારમા શ્રી નિલેષભાઈના ઘરની સામે મંદીર પાસેનો રોડ / ગલી વિસ્તાર બિસ્માર હાલતમા હોય તથા સદર વિસ્તારના રહીશોને આવવા – જવામા મુશ્કેલી પડતી હોય,જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવર બ્લોકવાળો બનાવવો જરૂરી હોય, જે કામગીરી અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.:૮૭,૪૦૦/–અંકે રૂપિયા સતીયાંસી હજાર ચારસો પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૦૮ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

.....................................................................................

કામ નંબર.:(૮)

વિષય.: તા.:૧૮–૦૪–૨૦૧૬ના રોજ મળેલ કારોબારી કમીટીમા ઠરાવ્યા મુજબ જિલ્લા આયોજન કચેરી,વલસાડના પત્ર નંબર.:આયોજન / સં.મ.વિ.આયો./ દરખાસ્ત / વશી –૫૧ થી ૬૦/ ૨૦૧૬, તા.: ૦૪–૦૨–૨૦૧૬થી આવેલ પત્ર મુજબ વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ વર્ષ ૨૦૧૬–૧૭ના વર્ષમા પેવર બ્લોક,ડ્રેનેજ લાઈન વિગેરે કામો આયોજન કરવા જરૂરી દરખાસ્ત કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.: શ્રી આશીષભાઈ દેસાઈ

ઠરાવ.:

કારોબારી સમીતી ઠરાવ નંબર.: ૧૨/ તા.: ૧૮–૦૪–૨૦૧૬ની ભલામણ મુજબ જિલ્લા આયોજન કચેરી,વલસાડના પત્ર નંબર.:આયોજન / સં.મ.વિ.આયો./ દરખાસ્ત / વશી –૫૧ થી ૬૦/ ૨૦૧૬, તા.: ૦૪–૦૨–૨૦૧૬થી આવેલ પત્રમા જણાવ્યા મુજબ વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ વર્ષ ૨૦૧૬–૧૭ના વર્ષમા રૂા.:૨૫.૦૦ લાખના કામોનું આયોજન કરવાનું જણાવેલ છે.જેથી સદર કામોનુ આયોજન કરવા માટે નગરપાલિકા હદ વિસ્તારોમા નીચે જણાવ્યા પ્રમાણેના કામોનુ આયોજન કરવા જરૂરી દરખાસ્ત કરવા અંગે આગળની કાર્યવાહી કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

| અ.નં. | કામની વિગત. | એસ્ટીમેઈટ રકમ રૂા. |
|---|---|---|
| ૧ | શાપુરનગર વિસ્તારમા બનાવવામા આવેલ ૬(છ) આંગણવાડીની ફરતે કંપાઉન્ડ વોલ, ગેટ તેમજ પેવર બ્લોકનું કામ. | ૫,૪૦,૦૦૦/– |
| ૨ | વોર્ડ નં.૧૦,મીશન કોલોની થી આહીરવાડ થઈ શિવાલી એપાર્ટમેન્ટ સુધી ૬" ડાયાની ડી.આઈ.પાઈપ લાઈન નાંખવાનું કામ. | ૪,૨૯,૭૦૦/– |
| ૩ | કલ્યાણ બાગ અંડર ગ્રાઉન્ડ સમ્પથી સ્ટેડીયમરોડ થઈ ૧૨૦આવાસ થઈ રાજુ ગેરેજ સુધી. | ૪,૯૬,૭૦૦/– |
| ૪ | મદનવાડ ઓવરહેડ ટાંકીથી જી.ઈ.બી.સુધી | ૫,૦૨,૯૦૦/– |
| ૫ | વોર્ડ નં.૯, અબ્રામા રોડ,મોગરાવાડી વિસ્તારમા બુસ્ટર પંચ મુકવાનુ કામ | ૫,૪૦,૦૦૦/– |

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૦૯ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

.........................................................................

કામ નંબર.:(૯)
વિષય.: તા.:૧૮–૦૪–૨૦૧૬ના રોજ મળેલ કારોબારી કમીટીમા ઠરાવ્યા મુજબ તા.:૨૬–૦૧–૨૦૧૬ના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે નગરપાલિકા કચેરીના આગળના ભાગે, શ્રી મહાત્માગાંધી લાયબ્રેરી, આઝાદચોક કિર્તી સ્તંભ ઉપર વિગેરે સ્થળોએ લાઈટીંગ શણગારની કામગીરી ,રામગીરી ડેકોરેટર્સ,વલસાડ પાસે કરાવેલ જે અંગેનું આવેલ બીલ રૂા.: ૫૬,૫૦૦–અંકે રૂપિયા છપ્પન હજાર પાંચ સો પુરાનું મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.: શ્રી ધર્માબેન દેસાઈ

ઠરાવ.:

કારોબારી સમીતી ઠરાવ નંબર.: ૧૪ / તા.: ૧૮–૦૪–૨૦૧૬ની ભલામણ મુજબ તા.:૨૬–૦૧– ૨૦૧૬ના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે નગરપાલિકા કચેરીના આગળના ભાગે, શ્રી મહાત્માગાંધી લાયબ્રેરી, આઝાદચોક કિર્તી સ્તંભ ઉપર શ્રી મોરારજી દેસાઈ સીટી મ્યુઝિયમ ઉપર તેમજ ડી.એમ.ડી.જી.મ્યુનિ.સ્કુલની પાછળ આવેલ સ્પોટર્સ કોમ્પલેક્ષ ખાતે લાઈટીંગથી શણગારની કામગીરી ,રામગીરી ડેકોરેટર્સ,વલસાડ પાસે કરાવેલ જે અંગેનું આવેલ બીલ રૂા.: ૫૬,૫૦૦–અંકે રૂપિયા છપ્પન હજાર પાંચ સો પુરાનું મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૧૦ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

..........................................................................................

કામ નંબર.:(૧૦)

વિષય.:નામદાર ગુજરાત હાઈકોર્ટ સ્પે.સીવીલ એપ્લી.નંબર.: ૩૦૬૨/૨૦૧૫ના કામે એડવોકેટશ્રી યોગી ગઢીયાનું આવેલ બીલ સબંધે નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મીનભાઈ શાહ

ટેકો આપનાર.: શ્રી પ્રવિણભાઈ ભાનુશાલી

ઠરાવ.:

નામદાર ગુજરાત હાઈકોર્ટ ,અમદાવાદ ખાતે ચાલતા કેસોમા લેબર એડવોકેટશ્રી યોગી ગઢીયાની નિમણુંક કરવામા આવેલ છે.તેઓએ સ્પે.સીવીલ એપ્લી.નંબર.: ૩૦૬૨/૨૦૧૫ના કામે અત્રેની કચેરીએ રૂા.:૧,૫૦,૦૦૦– અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરાનુ બીલ આવેલ છે તે પૈકી એડવોકેટશ્રીને મંજુરતની અપેક્ષાએ ચુકવવામા આવેલ રૂા.:૫૦, ૦૦૦– અંકે રૂપિયા પચાસ હજાર પુરા .સદર ચુકવણાને બહાલ રાખવાનું ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૧૧ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

કામ નંબર.:(૧૧)

વિષય.: નામદાર ગુજરાત હાઈકોર્ટમા ચાલી રહેલ સ્પે.સીવીલ એપ્લી.નં.:૬૭૩/૨૦૧૩ના કામે તા.:૧૮–૦૪– ૨૦૧૬ના રોજે ચીફ ઓફીસર ધ્વારા કરવામા આવેલ એફીડેવીટ તથા મળેલ સુચના મુજબ બન્ને ઈજનેરો પર જરૂરી નિર્ણય કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.: માકડીયા કૌશીકભાઈ

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ જણાવ્યુ કે,હાલની ચુટાયેલી બોર્ડના ૨૮ નવા સભ્યશ્રીઓ છે.જેઓને કાયદાકીય બાબતમા માહીતગાર કરવા જરૂરી છે.જે એફીડેવીટ રજુ કરેલ છે તે અંગ્રેજીમા છે.જેથી ગુજરાતીમા હોય તો તેનો અભ્યાસ કરી શકાય તેમજ એડવોકેટશ્રી પરેશભાઈ શાહનો રીપોર્ટ રજુ કરેલ છે .સરકારી વકીલની નિમણુંક થવી જોઈતી હતી.તત્કાલીન ચીફ ઓફીસરશ્રીના ચાર્જશીટમા રજુ કરેલ વિગતોની સામે કારોબારી ચેરમેનશ્રી દ વારા ઈજનેરશ્રીને પુનઃસ્થાપિત કરવા કરેલ કાર્યવાહીની મોટી ભુલ છે.તકેદારી આયોગ , નાયબ કલેકટરશ્રી, વિગેરેના રીપોર્ટો જોતાં તેઓની સામે જરૂરી કાર્યવાહી થવી જોઈએ.તત્કાલીન ચીફ ઓફીસરશ્રી સુરેશ શેઠ સામે પણ ફરીયાદ દાખલ થવી જોઈતી હતી.જે આ કામ થયુ તેમા ૪૪–લાખ રૂપિયા જમા છે.એ.જી.ઓડીટના રીપોર્ટમા પણ આ બાબત જણાવવામા આવેલ છે.સદર બાબતે જે કોઈ નિર્ણય ન કરવો જોઈએ,હાઈકોર્ટ નિર્ણય લેશે.આ બાબતે મારો લેખીત વાંધો રજુ કરુ છું.તેઓશ્રીએ લેખીત વાંધો રજુ કર્યો.

સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણે જણાવ્યુ કે, સદર કામમા નાણાંકીય મેટર હોય,અમારી કોઈ જવાબદારી ન આવે તે માટે અમોએ અમારો લેખીત વાંધો રજુ કર્યો.

ઉપરોકત સભ્યશ્રી શશીભાઈ શેઠીયા તથા સભ્યશ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણ વિગેરે સભ્યોએ રજુ કરેલ વાંધો આ સાથે સામેલ છે.

કામ નંબર–૧૧–મા એન.એસ.ડી.પી.મા ભ્રષ્ટ્રાચાર થયેલ હોવા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ –એસ.સી. એ.૬૭૩/૨૦૧૫મા આ પ્રકરણની નગરપાલિકાના સભ્ય તરીકે અમને પુરેપુરી માહીતીની કોઈ જાણકારી નથી તેમજ આજરોજ મળી રહેલ સમગ્રસભાના એજન્ડાના આ કામના તુમારમા પણ આ પ્રકરણને લગતા પેપર્સ હમો સભ્યોની જાણ માટે પુરેપુરા રજુ કરવામા આવેલ નથી.તેમજ નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ તરફથી હમો સભ્યોને વિગતવાર કોઈ માહીતી પણ આપવામા આવેલ નથી.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, સારી કામગીરી થતી હોય છે .આપણા હાલના સમયગાળામા આવી કોઈ ક્ષતિ જણાયેલ નથી તેમ છતાં સરકારશ્રી પાસે રજુ કરી નિર્ણય લેવા માટે જણાવવામા આવશે.

સભ્યશ્રી રમેશભાઈ ડેનીએ જણાવ્યુ કે, કલેકટરશ્રીનો પત્ર છે.શિક્ષાત્મક કામગીરી કરવાની થતી હોય,સરકાર ધ્વારા તથા ફાયનાન્સ બોર્ડ ધ્વારા ગ્રાન્ટ અંગેની કાર્યવાહી થયેલ હોય જેઓ ધ્વારા નિર્ણય થવો જોઈએ.

સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણ ગયા.

નાયબ કલેકટરશ્રી ધ્વારા નિર્ણય લેવા જણાવેલ છે.સરકારશ્રીમાથી આ નિર્ણય લેવાય એ નિર્ણયને નોંધ બોર્ડમા લેવાની છે.હાલે હાઈકોર્ટમા કેસ ચાલુ છે અને એની જવાબદાર કચેરી ફાયનાન્સ બોર્ડ ધ્વારા નિર્ણય લેવાય સક્ષમ સત્તાધિકારી નિર્ણય લેશે એવી અપેક્ષા છે.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે, બોર્ડ ધ્વારા જરૂરી ભલામણ કરી શકે .ઈજાફા અટકાવવા કે શિક્ષાત્મક કાર્યવાહી કરવા અંગેની રજુઆત કરી શકે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,બીજી વાર આવી ભુલ ન થાય એ માટે શિક્ષાત્મક કાર્યવાહી કરી સરકારશ્રીમા રજુઆત કરીએ.અને જે કોઈ નાની – મોટી ભુલ થઈ હોય તેની સજા કરવી પડે.આમ આગામી તપાસ માટે સરકારશ્રીમા રજુ કરીએ.

**ઠરાવ.:** (૧)શ્રી પરેશ એચ. શાહનો તા.: ૨૮–૦૩–૨૦૧૪નો ખાતાકીય તપાસનો રીપોર્ટ..
(૨)શ્રી પરેશ એચ. શાહ નો વગર તારીખનો સ્પષ્ટતા કરતો પત્ર..
(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટનો સ્પે.સીવીલ એપ્લી.નં.:૬૭૩/૨૦૧૩મા તા.:૧૮–૦૪– ૨૦૧૬ના રોજ કરેલ ઓરલ ઓર્ડર..

ઉપરોકત ત્રણેય ડોકયુમેન્ટને વંચાણે લેવામા આવ્યા.અનુક્રમ નં.૧મા શ્રી પરેશ એચ. શાહ તરફથી ખાતાકીય તપાસના અહેવાલમા દર્શાવેલ તારણો મુજબ આક્ષેપિત કર્મચારી પર મુકવામા આવેલા આક્ષેપો અંશતઃ સાબિત થતા હોવાનું દર્શાવેલ છે.વલસાડ નગરપાલિકાના બન્ને ઈજનેરોની તપાસ અધિકારીના અહેવાલમા જવાબદારી નકકી થતી નથી તેમજ સરકારી નાણાંની ઉચાપત થયેલ હોવાનું ફલિત થતુ નથી જેથી અંશતઃ કસુરવાર સંબંધે તપાસ અધિકારી પાસે જરૂરી સ્પષ્ટતા મેળવી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

અનુક્રમ નં.૨–મા વલસાડ નગરપાલિકા તરફથી સામાન્ય સભાના ઠરાવ નંબર.:૪૬૪/તા.:૩૦–૦૭–૨૦૧૪થી ઠરાવ્યા મુજબ તપાસ અધિકારી પાસે અંશતઃ આરોપો સાબિત  થતા હોવા સંબંધે કેટલા ટકા કસુરવાર કે પ્રમાણ નકકી કરવા માટે પત્ર વ્યવહાર કરીને રીપોર્ટ મંગાવવાનું ઠરાવતા અત્રેની કચેરી તરફથી વારંવાર તપાસ અધિકારી પાસે માહીતી માંગતા તેમના તરફથી તારીખ વગરનો  પત્રથી એમ જણાવેલ કે મારા તરફથી આક્ષેપો અંશતઃ સાબિત થતાં હોવાનું જણાવેલ પરંતુ તેમા ટકાવારી કે પ્રમાણ નકકી કરી શકાય નહી તેમજ શિક્ષાત્મક પગલા લેવાનું સક્ષમ અધિકારી નકકી કરી શકે.

અનુક્રમ નં.૩–મા સ્પે.સી.એ.નં.૬૭૩/૨૦૧૩ના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટમા રજુ થયેલ ચીફ ઓફીસરશ્રીની એફીડેવીટ તથા તા.:૧૮–૦૪–૨૦૧૬ના ઓરલ ઓર્ડરમા દર્શાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાની સામાન્ય સભા ધ્વારા બંન્ને આક્ષેપિત ઈજનેરો પર કાર્યવાહી કરવી જરૂરી જણાતાં પ્રથમ તબકકામાં બંન્ને આક્ષેપિત ઈજનેરોના બે – બે ઈન્ક્રીમેન્ટ અટકાવવા તથા તેઓને ચેતવણી આપવાનું ઠરાવવામાં આવે છે.

–મંજુર..

પ્રતિ,
(૧)શ્રી હિતેષભાઈ પી. પટેલ– ઈજનેર,જાહેર બાંધકામ શાખા,વ.ન.પા.

(૨)શ્રી સચીન્દ્ર કે. કાપડીયા– ઈજનેર,ડ્રેનેજ શાખા / વારીગૃહ શાખા,વ.ન.પા.

ઉપરોકત ઠરાવ અન્વયે અમલીકરણ કરી કરેલ કાર્યવાહીનો રીપોર્ટ મારી સમક્ષ રજુ કરવા નોંધ લેશો.

ઈ.ચા.ચીફ ઓફીસર
વલસાડ નગરપાલિકા.

નકલ રવાના.: ઉપરોકત ઠરાવ અન્વયે અમલીકરણ કરી કરેલ કાર્યવાહીનો રીપોર્ટ મારી સમક્ષ રજુ કરવા નોંધ લેશો.

સહી.:

(૧) ઈ.ચા.ઈન્ટરનલ ઓડીટરશ્રી,ઓડીટ શાખા, વ.ન.પા.તરફ........................................

(૨) એકાઉન્ટન્ટશ્રી, હિસાબી શાખા,વ.ન.પા.તરફ....................................................

(૩) જાહેર બાંધકામ શાખા,વ.ન.પા.તરફ. ........................................................

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૧૨ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

..............................................................................................

કામ નંબર.:(૧૨)

વિષય.: કારોબારી સમીતી ઠરાવ નંબર.: ૫૮૪/તા.:૫–૩–૨૦૧૬થી ઠરાવ્યા મુજબ લેબર કામના એડવોકેટની નિમાણુંક કરેલ તેમજ આવેલ બીલનું ચુકવણું કરેલ જેને બહાલ રાખવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.: શ્રી પ્રવિણભાઈ ભાનુશાલી

ઠરાવ.:

કારોબારી સમીતી ઠરાવ નંબર.: ૫૮૪ / તા.: ૨૫–૦૩–૨૦૧૬ની ભલામણ મુજબ ગુજરાત મઝદુર સભાના સેકેટ્રરી શ્રી બિપિનભાઈ બી. પટેલ તરફથી તા.:૧૬–૦૨–૨૦૧૬ના રોજે તા.:૨૨–૦૨–૨૦૧૬ના રોજથી રોજમદાર કામદારોની અચોકકસ મુદતની હડતાલ પાડવાની નોટીશ વિગેરે અત્રેની કચેરીએ મળતા અત્રેની કચેરી તરફથી લેબર કામના અનુભવી અને જાણકાર એવા સીનીયર એડવોકેટશ્રી મનોજભાઈ એન. પારેખની સલાહ મેળવી કામગીરી કરાવવાનુ નકકી થયેલ તેમજ સદરહુ એડવોકેટશ્રી તરફથી હડતાલછની નોટીશોના જવાબો, મે.મદદનીશ શ્રમ આયુકત અધિકારી સાથેના પત્રવ્યવહાર ,દૈનિક પેપરમા જાહેર અપીલો, યુનીયન સાથે વાટાઘાટો કરવા તથા હડતાલ પડયા પછીના સરકારી વિભાગો સાથેના પત્ર વ્યવહાર સંબંધે જરૂરી માર્ગદર્શન તથા ડ્રાફટીંગ કરાવેલ હોય ,જેથી હડતાલને લગતી તમામ કાયદાકીય કામગીરીઓમા હાજર રહેલ હોય, જેથી સદરહું કામના જાણકાર અને અનુભવી એવા સીનીયર એડવોકેટ તરીકે શ્રી મનોજભાઈ પારેખની નિમણુંક ને બહાલ રાખી કારોબારી સમીતીનો અભિપ્રાય મુજબ વકીલ ફીના બીલોનુ ચુકવણુ કરવાનુ મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૧૩ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

..........................................................................................

કામ નંબર.:(૧૩)

વિષય.: તા.:૧૮–૦૪–૨૦૧૬ના રોજ મળેલ કારોબારી કમીટીમા ઠરાવ્યા મુજબ ફાયર શાખાના ફાયર ફાયટર રજી.નં.જીજે.૧૫.જી.૦૪૬૨ મીની ફાયર ટેન્કરનું પીટીઓ પંપ બગડી જવાથી, સદરહું રીપેરીગ કામગીરીના જાણકાર એવા શ્રીઆર. આર.એન્ટરપ્રાઈઝ, વાપીનું આવેલ કોટેશન રૂા.:૨,૨૬,૫૨૦– અંકે રૂપિયા બે લાખ છવ્વીસ હજાર પાચ સો વીસ પુરાનું મંજુર કરી કામગીરી કરાવવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.: શ્રી રમેશભાઈ એમ. પટેલ

ઠરાવ.:

કારોબારી સમીતી ઠરાવ નંબર.: ૨૬/ તા.: ૧૮–૦૪–૨૦૧૬ની ભલામણ મુજબ ફાયર શાખાના ફાયર ફાયટર રજી.નં.જીજે.૧૫.જી.૦૪૬૨ મીની ફાયર ટેન્કરનું પીટીઓ પંપ બગડી જવાથી, સદરહું રીપેરીગની કામગીરી પીટીઓ પંપ ખોલીને કામગીરી કરવાની થતી હોય, સદરહું કામગીરીના જાણકાર એવા શ્રીઆર. આર.એન્ટરપ્રાઈઝ, વાપીનું તા.:૧૩–૨–૨૦૧૬નું કોટેશન આવેલ છે.સદરહું આવેલ કોટેશનની કામગીરી ખાસ કિસ્સામા કરવાની હોય,સદરહું આવેલ કોટેશનમા જણાવ્યા મુજબની રકમ રૂા.:૨,૨૬,૫૨૦–અંકે રૂપિયા બે લાખ છવ્વીસ હજાર પાચ સો વીસ પુરાનું મંજુર કરી કામગીરી કરાવવા માટેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

–સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણ આવ્યા.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૧૪ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

........................................................................................................

કામ નંબર.:(૧૪)

વિષય.: વોર્ડ નં.૯,ના પોલીસ હેડકવાટર ગેટથી તુલસીવન થઈ અબ્રામા ઝોન ઓફીસને જોડતો મુખ્ય રસ્તો ડામરનો કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:શ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણ

ઠરાવ.:

વોર્ડ નં.૯,ના પોલીસ હેડકવાટર ગેટથી તુલસીવન થઈ અબ્રામા ઝોન ઓફીસને જોડતો મુખ્ય ડામરનો રસ્તો જર્જરીત થઈ ગયેલ હોય, તેમજ અબ્રામા તુલસીવનનો મંદીરવાળો રસ્તો ખુબજ ખરાબ થઈ ગયેલ હોય જેને બીએસજી કારપેટ સીલકોટ રસ્તો બનાવવા અંગે સભ્યશ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણની આવેલ રજુઆતને ઘ્યાનમા લઈ ઈજનેરશ્રી ને સદર રસ્તાની સ્થળ ચકાસણી કરી કામના એસ્ટીમેઈટ બજેટની જોગવાઈ અને નાણાંકીય પરિસ્થિતિને ઘ્યાને લઈ સરકારશ્રીની આવનાર ગ્રાન્ટમા આયોજન કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૧૫ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

..............................................................................

કામ નંબર.:(૧૫)

વિષય.: સભ્યશ્રી મહેબુબ ઉર્ફે (ઝાકીર) ગુલશેરખાન પઠાણની ગુ.ન.પા.અધિ.૧૯૬૩ની કલમ–૫૧(૩) મુજબની દરખાસ્તવાળુ કામ..." હનુમાન મંદીરથી છીપવાડ રેલ્વે ગરનાળા સુધીના રસ્તાનું નામ " સ્વ.અમરનાથ પાન્ડે"નું નામકરણ કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણ
ટેકો આપનાર.શ્રી કિરણભાઈ પરભુભાઈ ભંડારી

ઠરાવ.:

સભ્યશ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણે રજુ કરેલ દરખાસ્ત મુજબ જનસંઘ વલસાડના સ્થાપક અને સમાજ સેવક સ્વ.શ્રી અમરનાથ પાન્ડેની યાદમા " હનુમાન મંદીરથી છીપવાડ રેલ્વે ગરનાળા સુધીના રસ્તાનું નામ " સ્વ.અમરનાથ પાન્ડે"નું નામકરણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૧૬ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

.............................................................................................................

કામ નંબર.:(૧૬)

વિષય.: વલસાડ નગરપાલિકાના હંગામી કર્મચારી મુન્ના ઉર્ફે મહેશ ચૌહાણના સંદર્ભે થયેલ ઠરાવની વધુ ચર્ચા – વિચારણા કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.: શ્રી પઠાણ મહેબુબ ઉર્ફે ઝાકીર ગુલશેરખાન

ઠરાવ.:

તા.:૧૮–૩–૨૦૧૬ની સામાન્ય સભાના વ.કા. નં.૪થી નગરપાલિકાના હંગામી કર્મચારી મુન્ના ઉર્ફે મહેશ ચૌહાણ સામે થયેલ ફરીયાદ બાબતે લેવાયેલ નિર્ણયના આધારે આજની સામાન્ય સભામા નકકી થયા મુજબ સદર હંગામી કર્મચારી ગ્રામ પંચાયત મોગરાવાડીનું દફતર ચકાસતા તેમને ઉઘ્ઘડ ( કોન્ટ્રાકટ)ના હેતુથી લારી – ગલ્લાનું દૈનિક ભરણું માટે કામગીરી આપેલ.સદર મોગરાવાડી વિસ્તાર નગરપાલિકામા સમાતા મહેશ ચૌહાણે હંગામી કર્મચારી છે એ રીતે નગરપાલિકાની કોઈપણ જાતની સહમતી વિના કામગીરી કરતો રહેલ છે.તથા ગ્રામપંચાયતના દફતરમાં પોતાનુ નામ ગેરકાયદેસર રીતે દાખલ કરવાના બદઈરાદે પ્રયત્ન કરેલ છે.નગરપાલિકાની રોજબરોજની કામગીરી સોપતા તેનો દુરપયોગ કરી મનસ્વીપણે ગરીબ પાથરણાવાળા, લારી –ગલ્લાવાળા દુકાનદારો વિગેરે હેરાન – પરેશાન તથા બિનજરૂરી કનડગત કરતા હોવાની ફરીયાદો તથા રૂબરૂ રજુઆતો મળેલ છે. નગરપાલિકાના ચુંટાયેલા સભ્યો સાથે બેહુદુ –અવ્યવહારું અને ઉઘ્ઘત ગાળ ગલોચવાળુ વર્તન કરતા આવેલ છે. એમ નગરપાલિકાના સભ્યશ્રીઓની વારંવાર રજુઆતો થયેલ છે. નગરપાલિકાના મીલકત વેરો ભરવા આવતા મીલકત માલીકોને ગેરમાર્ગે દોરી નગરપાલિકાને આર્થીક નુકશાન થાય તેવા પ્રયત્નો કરતા આવેલ છે.જેથી મકાન / મીલકત માલીકો ઘ્વારા વારંવારની રજુઆતો થયેલ છે.તથા સરકારી કામમાં વારંવાર દખલગીરી કરવા અંગે તેમની સામે પોલીસ ફરીયાદ નોંધાયેલ છે.

કારોબારી સમીતીના ચેરમેનશ્રીએ તા.:૨૯–૪–૨૦૧૬ની સામાન્ય સભાના એજન્ડાના કામ નં.: ૧ થી ૧૭ તમામ સભ્યોને એજન્ડા નિયમ મુજબ સમયસર મોકલેલ હોય જેને ૧ થી ૧૭ કામોના ચર્ચા કરવા માટે રજુ કરેલ જે મુજબ તા.:૧૮–૩–૨૦૧૬ના દિનની સામાન્ય સભાના વધારાના કામ નં.૪ –સર્વાનુમતે મંજુર કરેલ છે. તથા કોઈપણ સભ્ય ઘ્વારા કામ નં.૧૬ અંગે વાંધો રજુ થયેલ નથી.આથી આજની સભા મુન્નો ઉર્ફે મહેશ ચૌહાણ જે હંગામી કર્મચારી હોય તથા નગરપાલિકાની પ્રતિષ્ઠા તથા ગરિમાને આર્થીક નુકશાન પહોચાડતો હોય અને પ્રજાજનો ઘ્વારા ચુંટાયેલા સભ્યો સાથે અણછાજતું વર્તન હંમેશા કરતા આવેલ હોય તેમને હંગામી નોકરીમાંથી છુટા કરવાનું સર્વાનુમતે ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૧૭ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

...........................................................................................

વ.કા.નં.૧.:

વિષય.: ડ્રે.ક.ઠ.નં.૨૭/તા.:૮–૨–૨૦૧૬ની ભલામણ મુજબ જીજે.૧૫.જી.૧૧૮૩ જેટીંગ મશીન રીપેરીંગ કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૫૬૬ / તા.: ૧૨–૦૨–૨૦૧૬ તથા ડ્રે.ક.ઠ.નં.૨૭/તા.:૮–૨–૨૦૧૬ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખાના જીજે.૧૫.જી.૧૧૮૩ જેટીંગ મશીનથી ડ્રેનેજ પાઈપ લાઈન ચોકઅપની કામગીરી કરતા એકાએક મીકેનીક ફોલ્ટ આવતા એન્જીન બંધ પડેલ છે.જેથી વલસાડ શહેરમા આવેલ ડ્રેનેજ પાઈપ લાઈન ચોકઅપની ફરીયાદો વધુ આવે છે.જેને સાફ કરવાની ઘણી તકલીફ પડે છે.જેથી સદર મશીનને તાત્કાલીક રીપેરીંગ કરાવવાની જરૂરીયાત હોવાથી કેરવેલ મોટર્સ, વાપી પાસેથી એસ્ટીમેઈટ મંગાવવામા આવતા રૂા.: ૬૩,૯૬૨–નો ખર્ચ થવાની સંભાવના છે.વધુમા સદર ઉપરોકત એજન્સીનો માલસામાન તથા મજુરી કામનો સાથેનો ખર્ચ તથા જેટીંગ મશીન રીપેરીંગની કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૧૮ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

.........................................................................................

વ.કા.નં.૨.:

વિષય.: ધોબીતળાવ વડચોકથી રઝાક રીક્ષાવાળાના ઘર સુધી પીવાના પાણીની પાઈપ લાઈન નાંખવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

ઈજનેરશ્રી વારીગૃહના રીપોર્ટમા જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમા ધોબીતળાવ વડચોકથી રઝાક રીક્ષાવાળાના ઘર સુધી પીવાના પાણીની પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત છે.સદર વિસ્તારમા પાણીનું પ્રેસર બહુ ઓછુ આવતુ હોવાથી સદર જગ્યાએ નવી ૨" ડાયાની ૭૦મીટર લંબાઈ જી.આઈ.પાઈપ અને નીચે જણાવ્યા મુજબનો માલ સામાન ની જરૂર પડે એમ છે.સદર માલ સામાનનો સને ૨૦૧૬–૧૭ના વર્ષ માટેના ભાવો મંજુર થયેલ ન હોવાથી સદર માલ સામાન ના ભાવે સને ૨૦૧૪–૧૫ના વર્ષ માટે વો.વ.ક.ઠ.નં.૯૩/તા.:૧૪–૧૧–૨૦૧૪થી "હીરેન સેનેટરી સ્ટોર્સ,અમદાવાદ"ના ભાવો મંજુર થયેલ છે.જે મંજુર થયેલ ભાવે માલ સામાન ખરીદ કરવાનો અંદાજીત ખર્ચ રૂા.:૩૬,૯૦૦– તથા સદર કામગીરી કરવા માટે મજુરી કામના ભાવો સને ૨૦૧૩–૧૪ માટે વો.વ.ક.ઠ.નં.૫૯/ તા.:૧૮–૫–૨૦૧૩થી " અશોક એન. પટેલ, વલસાડ" ના ભાવો મંજુર થયેલ છે.મંજુર થયેલ ભાવે કામગીરી કરવાનો અંદાજીત ખર્ચ રૂા.:૨૮,૦૦૦–આમ કુલ એસ્ટીમેઈટ રૂા.:૬૪,૯૦૦–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

| અ.નં. | વિગત. | મંજુર થયેલ ભાવ. | જરૂરી જથ્થો. |
|---|---|---|---|
| ૧ | ૫૦"એમ.એમ.ગેલ્વેનાઈઝ પાઈપ (આઈએસઆઈ)(એશીયન)'સી–કલાસ | રૂા.:૪૭૫–મીટર | ૭૦મીટર |
| ૨ | ૫૦"એમ.એમ.ડાયા કંપલીન જી.આઈ.આઈએસઆઈ. | રૂા.:૭૬–૯૫–એકનંગ | ૧૦નંગ |
| ૩ | ૫૦"એમ.એમ.ડાયા એલ્બો જી.આઈ.આઈએસઆઈ. | રૂા.:૧૦૫– એકનંગ | ૦૩નંગ |
| ૪ | ૫૦"એમ.એમ.ડાયા બેન્ડ જી.આઈ.આઈએસઆઈ. | રૂા.:૧૩૫–એકનંગ | ૦૧નંગ |
| ૫ | ૫૦"એમ.એમ.ડાયા પ્લગ (બુસ) સી.આઈ. | રૂા.:૩૫–એકનંગ | ૦૧નંગ |
| ૬ | ૨૫"એમ.એમ.ગેલ્વેનાઈઝ પાઈપ (આઈએસઆઈ)(એશીયન)'સી'કલાસ | રૂા.:૨૩૮–મીટર | ૦૭મીટર |
| ૭ | ૨૫"એમ.એમ.ડાયા 'યુનીયન'જી.આઈ.(આઈએસઆઈ) | રૂા.:૭૦–એકનંગ | ૦૪નંગ |
| ૮ | ૨૫"એમ.એમ.ડાયા એલ્બો .જી.આઈ.(આઈએસઆઈ) | રૂા.:૩૩–એકનંગ | ૦૪નંગ |
| ૯ | ૨૫"એમ.એમ.ડાયા બેન્ડ.જી.આઈ.(આઈએસઆઈ) | રૂા.:૪૫–એકનંગ | ૦૨નંગ |
| ૧૦ | ૨૫"એમ.એમ.ડાયા ધનમેટલ ફેરૂલ (આઈએસઆઈ)૪૦૦ગ્રામવજનવાળા | રૂા.:૩૦૫–એકનંગ | ૦૨નંગ |

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૧૯ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

.....................................................................................................

વ.કા.નં.૩.:

વિષય.: ધોબીતળાવ પશ્ચીમપાળ ,અંબામાતાજીના મંદીરની નીચે ઉતરતા સુધી પીવાના પાણીની પાઈપ લાઈન નાંખવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

ઈજનેરશ્રી વારીગૃહના રીપોર્ટમા જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમા ધોબીતળાવ પશ્તીમપાળ ,અંબામાતાજીના મંદીરની નીચે ઉતરતા સુધી પીવાના પાણીની પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત છે.સદર વિસ્તારમા પાણીનું પ્રેસર બહુ ઓછુ આવતુ હોવાથી સદર જગ્યાએ નવી ૨'' ડાયાની ૭૦મીટર લંબાઈ જી.આઈ.પાઈપ અને નીચે જણાવ્યા મુજબનો માલ સામાન ની જરૂર પડે એમ છે.સદર માલ સામાનનો સને ૨૦૧૬–૧૭ના વર્ષ માટેના ભાવો મંજુર થયેલ ન હોવાથી સદર માલ સામાન ના ભાવે સને ૨૦૧૪–૧૫ના વર્ષ માટે વો.વ.ક.ઠ.નં.૯૩/ તા.:૧૪– ૧૧– ૨૦૧૪ થી ''હીરેન સેનેટરી સ્ટોર્સ,અમદાવાદ''ના ભાવો મંજુર થયેલ છે.જે મંજુર થયેલ ભાવે માલ સામાન ખરીદ કરવાનો અંદાજીત ખર્ચ રૂા.:૩૮,૬૦૦– તથા સદર કામગીરી કરવા માટે મજુરી કામના ભાવો સને ૨૦૧૩ – ૧૪ માટે વો.વ.ક.ઠ.નં.૫૯/ તા.:૧૮–૫–૨૦૧૩થી '' અશોક એન. પટેલ, વલસાડ'' ના ભાવો મંજુર થયેલ છે.મંજુર થયેલ ભાવે કામગીરી કરવાનો અંદાજીત ખર્ચ રૂા.:૨૮,૫૦૦–આમ કુલ એસ્ટીમેઈટ રૂા.:૬૭,૧૦૦–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

| અ.નં. | વિગત. | મંજુર થયેલ ભાવ. | જરૂરી જથ્થો. |
|---|---|---|---|
| ૧ | ૫૦''એમ.એમ.ગેલ્વેનાઈઝ પાઈપ (આઈએસઆઈ)(એશીયન)'સી–કલાસ | રૂા.:૪૭૫–મીટર | ૭૦મીટર |
| ૨ | ૫૦''એમ.એમ.ડાયા કંપલીન જી.આઈ.આઈએસઆઈ. | રૂા.:૭૬–૯૫–એકનંગ | ૧૦નંગ |
| ૩ | ૫૦''એમ.એમ.ડાયા એલ્બો જી.આઈ.આઈએસઆઈ. | રૂા.:૧૦૫– એકનંગ | ૦૩નંગ |
| ૪ | ૫૦''એમ.એમ.ડાયા બેન્ડ જી.આઈ.આઈએસઆઈ. | રૂા.:૧૩૫–એકનંગ | ૦૧નંગ |
| ૫ | ૫૦''એમ.એમ.ડાયા પ્લગ (બુસ) સી.આઈ. | રૂા.:૩૫–એકનંગ | ૦૧નંગ |
| ૬ | ૨૫''એમ.એમ.ગેલ્વેનાઈઝ પાઈપ (આઈએસઆઈ)(એશીયન)'સી'કલાસ | રૂા.:૨૩૮–મીટર | ૦૭મીટર |
| ૭ | ૨૫''એમ.એમ.ડાયા 'કંપલીન.'જી.આઈ.(આઈએસઆઈ) | રૂા.:૨૩.૭૫ એકનંગ | ૦૪નંગ |
| ૮ | ૨૫''એમ.એમ.ડાયા એલ્બો .જી.આઈ.(આઈએસઆઈ) | રૂા.:૩૩–એકનંગ | ૦૪નંગ |
| ૯ | ૨૫''એમ.એમ.ડાયા બેન્ડ.જી.આઈ.(આઈએસઆઈ) | રૂા.:૪૫–એકનંગ | ૦૨નંગ |
| ૧૦ | ૨૫''એમ.એમ.ડાયા ધનમેટલ ફેરૂલ (આઈએસઆઈ)૪૦૦ગ્રામવજનવાળા | રૂા.:૩૦૫–એકનંગ | ૦૨નંગ |

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૦ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

........................................................................................................

વ.કા.નં.૪.:

વિષય.: નગરપાલિકાના આરોગ્ય શાખામા કાયમી વાલ્મીકી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા શ્રી રાવજીભાઈ ઈશ્વરભાઈ સોલંકીએ તા.: ૧૩–૧૨–૨૦૧૫ના રોજ તેમને હાર્ટએટેક આવતા વોક હાર્ટ હોસ્પીટલ– સુરત ખાતે સારવાર કરાવેલ તેઓના ઓપરેશનના મેડીકલ રીએમ્બસમેન્ટનું બીલ રૂા.:૧,૨૪,૦૯૭–થયેલ છે જેની ચુકવણી કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૫૯૮/તા.:૯–૩–૨૦૧૬ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામા કાયમી વાલ્મીકી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા શ્રી રાવજીભાઈ ઈશ્વરભાઈ સોલંકીને તા.: ૧૩–૧૨–૨૦૧૫ના રોજ તેમને હાર્ટએટેક આવતા તાત્કાલીક સારવાર અર્થે વલસાડની કસ્તુરબા હોસ્પીટલમા દાખલ થયેલ અને ત્યાર બાદ – સુરતની વોક હાર્ટ હોસ્પીટલ– ખાતે વધુ સારવાર અર્થે દાખલ થયેલ.અને સારવાર કરાવેલ તેઓના ઓપરેશનના મેડીકલ રીએમ્બસમેન્ટ નું બીલનો ખર્ચ રૂા.:૧,૨૪,૦૯૭–અંકે રૂપિયા એક લાખ ચોવીસ હજાર સત્તાણુ પુરાનુ થયેલ છે જેની ચુકવણી કરવા અંગેની નિયમોનુસારની કાર્યવાહી કરી,ઉપરોક્ત આવેલ રીએમ્બસમેન્ટ બીલ ચુકવવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૧ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

.................................................................................................

વ.કા.નં.પ.

વિષય.: ફાયર શાખાના ફાયર ફાયટર રજી.નં.જીજે.૧૫.જી.૯૯૨ મીની બાઉઝરને સર્વીસ તથા ગ્રીસીંગ વિગેરે નેશનલ ટ્રેકટર્સ,ને.હા.નં.૮,વલસાડ પાસે કરાવેલ જે અંગેનુ આવેલ બીલ રૂા.:૨૩,૨૯૪–પુરા મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૨૭ /તા.:૧૮–૪–૨૦૧૬ની ભલામણ મુજબ ફાયર શાખાના ફાયર ફાયટર રજી.નં.જીજે.૧૫.જી.૯૯૨ મીની બાઉઝરને સર્વીસ તથા ગ્રીસીંગ વિગેરે નેશનલ ટ્રેકટર્સ,ને.હા.નં.૮,વલસાડ પાસે કરાવેલ જે અંગેનુ આવેલ બીલરૂા.:૨૩, ૨૯૪–અંકે રૂપિયા ત્રેવીસ હજાર બસો ચોરાણુ પુરા મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે..

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૨ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

..........................................................................................

વ.કા.નં.૬

વિષય.: વલસાડ નગરપાલિકા માલીકીના શોપીગ સેન્ટરો / મારકેટોની દુકાનો/ સ્ટોલો / પ્રિમાઈસીસ કબજા હકકથી નામફેર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

ભાડા વસુલાત શાખાના અધિકારીશ્રીનો રીપોર્ટમા જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા માલીકીના શોપીંગ સેન્ટરો /મારકેટોની દુકાનો/ સ્ટોલો / પ્રિમાઈસીસ કબજા હકકથી નામફેર કરવા અંગેના નિયમો મંજુર કરવા બાબતની દરખાસ્ત મે.કલેકટર સાહેબને વહીવટી જાવક નંબર.:૯૦૨/તા.: ૪–૯–૨૦૧૩ થી સાદર કરવામા આવેલ હતી. જે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ બોર્ડ વિભાગના ઠરાવ ક્રમાંક.: ૪૫૧૩/૪૧૪૭/મ. તા.: ૬–૧– ૨૦૧૫ની જોગવાઈની પુર્તતા કરી દરખાસ્ત કરવાની થાય છે.

હાલે ભાડા વસુલાત શાખામા વલસાડ નગરપાલિકા માલીકીના શોપીંગ સેન્ટરો / મારકેટોમા કબજા હકક નામફેર કરવા બાબતની ૭૨ જેટલી અરજીઓ ઘણા સમયથી પેન્ડીગ હોય જેના થકી રૂા.:૨૦–લાખ જેટલી આવકની શકયતા હોય .ઉપરોકત કબજા હકક નામફેર કરવા અંગેની અરજીઓ અંગે નિયમોનુસારની આગામી કાર્યવાહી કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૩ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

.....................................................................................

વ.કા.નં.૭

વિષય.: વારીગૃહ હેડવર્કસ– અબ્રામા ખાતે ઓવર હેડ પાણીની ટાંકીના ઈન લેટ પાઈપ લાઈનના કરાવેલ રીપેરીંગ કામને બહાલી આપી કામગીરીનો ખર્ચ રૂા.: ૨૧,૪૫૦– મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૬ / તા.:૨૮–૪–૨૦૧૬ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ– અબ્રામા ખાતે ઓવર હેડ પાણીની ટાંકીના ઈન લેટ પાઈપ લાઈનના રીપેરીંગ કરવાની જરૂરીયાત હોય, શહેરી વિસ્તારમા પાણી પુરવઠો ન ખોરવાય એટલા માટે ઉપરોકત કામગીરી કરવી અતી આવશ્યક અને અરજન્ટ હોય જેથી સદર કામગીરી મે.રાજપરા બ્રધર્સ, વાપી પાસે આ સાથે રજુ કરેલ બીલમા જણાવ્યા મુજબની કામગીરી કરી સદર રીપેરીંગ તા.:૧૫–૨–૨૦૧૬ દરમ્યાન કરેલ છે .સદર કામગીરી તાત્કાલીક કરાવવાની હોવાથી સદર કામગીરી અંગેનો ખર્ચ મંજુર કરાવેલ નથી અને તે અંગેનો વર્ક ઓર્ડર આપવામા આવેલ ન હોય જેથી લોકહીતમા સદર કામગીરી કરાવેલ હોય જે કરાવેલ કામગીરીને બહાલી આપી નગરપાલિકા આવક નંબર.: ૬૨૭૦/ તા.: ૧૮–૩–૨૦૧૬થી આવેલ કુલ બીલ રૂા.: ૨૧, ૪૫૦– પુરાનુ ચુકવણુ કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૪ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

..............................................................................................

વ.કા.નં.૮

વિષય.: વારીગૃહ હેડવર્કસ ખાતેથી આવતી ૪૫૦એમ.એમ.ડાયાની જુની રાઈઝીંગ મેન લાઈન અબ્રામા ઝોન ઓફીસ પાસે પાઈપ લાઈન લીકેજ થતા કરેલ રીપેરીંગ કામને બહાલી આપી તે અંગેનો ખર્ચ રૂા.: ૩૬,૭૦૦–મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૭ / તા.:૨૮–૪–૨૦૧૬ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ– અબ્રામા ખાતેથી આવતી ૪૫૦એમ. એમ.ડાયાની જુની રાઈઝીંગ મેન લાઈન જે અબ્રામા ઝોન ઓફીસ પાસેથી પસાર થઈ કલ્યાણ બાગ ખાતે આવે છે.સદર લાઈન અબ્રામા ઝોન ઓફીસ પાસે પાઈપ લાઈન લીકેજ થયેલ.

ઉપરોકત કામગીરી ન કરવામા આવે તો પાણી પુરવઠો શહેર ખાતે પહોચાડી શકાય એમ ન હોય જેથી શહેરી વિસ્તારમા પાણી પુરવઠો ન ખોરવાય એટલા માટે ઉપરોકત કામગીરી કરવી અતી આવશ્યક અને અરજન્ટ હોય તેવા સમયે તા.:૨૨–૨–૨૦૧૬નારોજ નગરપાલિકાના તમામ રોજીંદા કામદારો હડતાળ પર હોય જેથી સદર કામગીરી મે.રાજપરા બ્રધર્સ,વાપી પાસે આ સાથે રજુ કરેલ બીલમા જણાવ્યા મુજબની કામગીરી કરી સદર રીપેરીંગ તા.: ૨૨–૨– ૨૦૧૬ દરમ્યાન કરેલ છે.સદર કામગીરી તાત્કાલીક કરાવવાની હોવાથી સદર કામગીરી અંગેનો ખર્ચ મંજુર કરાવેલ નથી અને તે અંગેનો વર્ક ઓર્ડર આપવામા આવેલ ન હોય જેથી લોકહીતમા સદર કામગીરી કરાવેલ હોય જે કરાવેલ કામગીરીને બહાલી રાખી નગરપાલિકાના આવક નંબર.: ૬૨૬૮/તા.:૧૮– ૩–૨૦૧૬થી આવેલ કુલ બીલ રૂા.:૩૬,૭૦૦– પુરાનુ ચુકવણુ કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૫ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

.....................................................................................

વ.કા.નં.૯

વિષય.: વારીગૃહ હેડવર્કસ ખાતેથી આવતી ૪૫૦એમ.એમ.ડાયાની જુની રાઈઝીંગ મેન લાઈન જે રેલ્વે ઓવરબ્રીજ પાસે પાઈપ સળી જવાના કારણે લીકેજ થયેલ જે કરાવેલ રીપેરીંગ કામને બહાલી આપી તે અંગેનો ખર્ચ રૂા.: ૪૧,૪૦૦–મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૮ / તા.:૨૮–૪–૨૦૧૬ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ– અબ્રામા ખાતેથી આવતી ૪૫૦એમ.એમ.ડાયાની જુની રાઈઝીંગ મેન લાઈન જે રેલ્વે ઓવરબ્રીજ પાસેથી પસાર થઈ કલ્યાણ બાગ ખાતે આવે છે.
સદરલાઈન રેલ્વે ઓવરબ્રીજ પાસે પાઈપ સળી જવાના કારણે લીકેજ થયેલ.

ઉપરોકત કામગીરી ન કરવામા આવે તો પાણી પુરવઠો શહેર ખાતે પહોચાડી શકાય એમ ન હોય જેથી શહેરી વિસ્તારમા પાણી પુરવઠો ન ખોરવાય એટલા માટે ઉપરોકત કામગીરી કરવી અતી આવશ્યક અને અરજન્ટ હોય જેથી સદર કામગીરી મે.રાજપરા બ્રધર્સ – વાપી પાસે આ સાથે રજુ કરેલ બીલમા જણાવ્યા મુજબની કામગીરી કરી સદર રીપેરીંગ તા.: ૧–૧–૨૦૧૬ થી તા.: ૮–૧–૨૦૧૬ દરમ્યાન કરેલ છે.સદર કામગીરી તાત્કાલીક કરાવવાની હોવાથી સદર કામગીરી અંગેનો ખર્ચ મંજુર કરાવેલ નથી અને તે અંગેનો વર્ક ઓર્ડર આપવામા આવેલ ન હોય જેથી લોકહીતમા સદર કામગીરી કરાવેલ હોય જે કરાવેલ કામગીરીને બહાલી રાખી નગરપાલિકાના આવક નંબર.: ૬૨૬૯/તા.:૧૮– ૩–૨૦૧૬થી આવેલ કુલ બીલ રૂા.:૪૧,૪૦૦–પુરાનુ ચુકવણુ કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૬ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

..................................................................................................

વ.કા.નં.૧૦

વિષય.: વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમા છીપવાડ જગન્નાથ મંદીરની સામેના વિસ્તારમા પીવાના પાણીની ૩"ડાયાની જી.આઈ.પાઈપ લાઈન નાંખવાનો એસ્ટીમેઈટ રૂા.:૧,૭૩,૪૨૭–મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૯ / તા.:૨૮–૪–૨૦૧૬ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમા છીપવાડ જગન્નાથ મંદીરની સામેના વિસ્તારમા પીવાના પાણીની ૩"ડાયાની જી.આઈ.પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત છે જેમા ૩" ડાયાની ૧૫૬ મીટર લંબાઈ જી.આઈ.પાઈપ જરૂરી જી.આઈ.ફીટીંગ્સની જરૂર હોય જેના સને ૨૦૧૩ – ૧૪ના વાર્ષીક ભાવ વો.વ.ક.ઠ.નં.૯૩/તા.: ૧૪–૧૧–૨૦૧૪થી "હીરેન સેનેટરી સ્ટોર્સ, અમદાવાદ "ના ભાવો મંજુર થયેલ છે જે મંજુર થયેલ ભાવે માલસામાન ખરીદ કરવાનો અંદાજીત ખર્ચ રૂા.: ૧,૨૮,૪૨૭– તથા સદર કામગીરી કરવા માટે મજુરી કામના ભાવો સને ૨૦૧૩–૧૪ માટે વો.વ.ક.ઠ.નં.૫૯/ તા.: ૧૮–૫–૨૦૧૩ થી "અશોક એન. પટેલ,વલસાડશ્ના ભાવો મંજુર થયેલ છે જે મંજુર થયેલ ભાવે કામગીરી કરવાનો અંદાજીત ખર્ચ રૂા.:૪૫,૦૦૦–આમ કુલ અંદાજીત એસ્ટીમેઈટ રૂા.:૧,૭૩,૪૨૭–પુરા મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૭ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

..............................................................................

વ.કા.નં.૧૧.

વિષય.: વલસાડ નગરપાલિકાની સને ૨૦૧૨–૧૩ના વર્ષનું ( ઓડીટ અન્વેષણ )ઓડીટ લોકલફંડ વલસાડ ધ્વારા ઓડીટ ફકરા સ્થાનીક ભંડોળ હિસાબ જુની કલેકટર કચેરી,વલસાડ તરફથી અત્રેની કચેરીએ આવક નંબર.: ૪૨૯૩/ તા.: ૨૫–૦૨–૨૦૧૬ના રોજ આવેલ પત્રની નોંધ લેવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વલસાડ નગરપાલિકાની સને ૨૦૧૨–૧૩ના વર્ષનું ( ઓડીટ અન્વેષણ )ઓડીટ લોકલફંડ વલસાડ ધ્વારા ઓડીટ ફકરા સ્થાનીક ભંડોળ હિસાબ જુની કલેકટર કચેરી,વલસાડ તરફથી અત્રેની કચેરીએ આવક નંબર.: ૪૨૯૩/ તા.: ૨૫–૦૨– ૨૦૧૬ના રોજ આવેલ પત્રની નોંધ વંચાણમા લઈ બહાલ રાખવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૮ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

.............................................................................................

વ.કા.નં.૧૨.

વિષય.:

વારીગૃહ ઈજનેરશ્રી પ્રવિણચંદ્ર આર.ઠાકોર, ઓકટોબર માસથી ૫૦% બાકી રહેતા પગારના નાણાં પરત મેળવવા માંગણી કરેલ જે અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

જ.બો.ઠ.નં.૯૬૬/તા.:૨૯–૦૧–૨૦૧૬ના રોજ મળેલ સામાન્ય સભામા અગાઉના ઠરાવનો અમલ ચાલુ રાખવામા આવે છે.અને તેઓ ફરજ પર હાજર થઈ કામગીરી કરતાં નથી. તથા ઈજનેરશ્રી પ્રવિણચંદ્ર આર. ઠાકોરની અરજી વંચાણમા લઈ નગરપાલિકાના એડવોકેટશ્રીની સલાહ લઈ આગામી કાર્યવાહી કરવાનુ નકકી કરવામા આવે છે.

કર્મચારીશ્રીના રેકર્ડ જોતા તેઓશ્રીને ડ્રેનેજ શાખામા જવા માટે વખતોવખત સુચના આપવા છતાં હાજર થયેલ નથી.અને કામગીરી સંભાળેલ નથી.કોઈ કામગીરી કરતા નથી .નગરપાલિકા ધ્વારા નોટીશો ઈસ્યુ કરવામા આવેલ છે.જે તેઓ સ્વીકારતા નથી.અને તેઓના વર્તનમા કોઈ પરિવર્તન આવેલ નથી.તેવા સંજોગોમા તેઓને ફરજ મૌકુફી હેઠળ ઉતારવાનુ તથા તેઓની સામે ખાતાકીય તપાસ કરવી સંસ્થાના હીતમા છે.અને આ બાબતે જરૂરી ખાતાકીય તપાસ અંગે નગરપાલિકાના લેબર એડવોકેટશ્રી મનોજભાઈ પારેખ– બિલીમોરાની નિયુકતી કરવા તેમજ જે અંગે આગામી કાર્યવાહી કરવાનું ઠરાવવામા આવે છે.

– સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૯ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

............................................................................................................

વ.કા.નં.૧૩.

વિષય.: અર્બન હેલ્થ સેન્ટર ખાતે મ્યુનિસિપલ હેલ્થ ઓફીસર ડૉ. જૈનીશ બી. પટેલ,નું આવેલ રાજીનામુ મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

અર્બન હેલ્થ સેન્ટર ખાતે મ્યુનિસિપલ હેલ્થ ઓફીસરશ્રી ડૉ. જૈનીશ બી. પટેલની તા.:૧૩–૪–૨૦૧૬ના રોજ આવેલ રાજીનામુ અંગેની અરજી આવેલ છે. અર્બન હેલ્થ સેન્ટર ખાતે તદ્દન હંગામી એડહોક ધોરણે તેઓશ્રીને સરકારશ્રીની આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક.: યુએચઓ /૧૦૧૫/ ૫૪૪/ ધ.સચીવાલય,ગાંધીનગર,તા.: ૩ –૧૨–૨૦૧૫થી મ્યુનિસિપલ હેલ્થ ઓફીસર વર્ગ–૨ની જગ્યા ઉપર કરારઆધારીત નિમણુંક કરવામા આવેલ હતી .તેઓશ્રી ધ્વારા અરજીમા જણાવ્યા મુજબ પોષ્ટ ગ્રેજયુએટના અભ્યાસ માટે આગળ ભણવા જવાનુ હોવાથી ફરજ ઉપર કાર્યરત રહી શકે એમ નથી જેથી તા.: ૧૩–૪–૨૦૧૬થી સાત દિવસનો નોટીશ પીરીયડ બાદ ફરજ મુકત કરવા જણાવેલ છે.જે વંચાણમા લઈ તા.:૨૨– ૪–૨૦૧૬થી આવેલ રાજીનામુ મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૩૦ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

..........................................................................................

**વ.કા.નં.૧૪**

**વિષય.:** અમૃત મિશન અંતર્ગત મંજુર થયેલ યોજનાની ક ામગીરી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને સુપ્રત કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ.:**

અમૃત મિશન અંતર્ગત વલસાડ નગરપાલિકાની ભુર્ગભ ગટર યોજનાની કામગીરી પેટે સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (૩૦.૦૦ એલએલડી કેપેસીટી)ની કામગીરી અંદાજીત રકમ રૂા.:૨૮.૩૫–કરોડ માટે મંજુર કરવામાં આવેલ છે.આવા કામો કરાવવા માટેનો ટેકનીકલ સ્ટાફ નગરપાલિકા પાસે નથી.જેના કારણે સમય મર્યાદામાં આ કામો પુર્ણ કરવાની સંભાવના ઓછી છે અને રાજય સરકારનો જે હેતુ હોય તે પુર્ણ થતો નથી અને લોકોને આ યોજના અન્વયે સમય મર્યાદાની અંદર આ યોજનાના લાભો મળવા જોઈએ તે મળશે નહી.આ સંજોગોમા નગરપાલિકાએ અમૃત મિશન અંતર્ગત મંજુર કરેલ પ્રોજેકટ રૂા.:૫૦.૦૫ કરોડનો છે. ઉપરોકત વિગતોને ધ્યાનમા લઈ અમલીકરણની કામગીરી સારી રીતે તથા ચોકકસ સમયમાં પુર્ણ થાય અને તેનો સીધો લાભ આમ જનતાને મળે તે હેતુ માટે થઈ આ પ્રોજેકટ અમલીકરણ કરવા સરકારશ્રીની એજન્સી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ પાસે નીચેની શરતોને અને વિગતે ઠરાવ કરી આપવાનું સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

**શ ર તો.:**

........

**(૧)** વલસાડ શહેરની અમૃત મિશન યોજનાની અમલીકરણ કામગીરી અંગેની નગરપાલિકા વતી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ પાસે કરાવવા સામાન્ય સભા સંમતિ આપે છે.

**(૨)** યોજના માટે સરકારશ્રી તરફથી તબકકાવાર મળનાર ગ્રાન્ટ તથા નગરપાલિકાએ ભોગવવાના હિસ્સાની રકમ યોજનાની અમલીકરણ કામગીરી અર્થે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડમાં સમયસર જમા કરાવવા.સરકારશ્રી સાથે થયેલ એમ.ઓ.યુ.અનુસાર તેના હિસાબો જાળવી તેના હિસાબો આખરી કરી સમય સમયે હિસાબો સરકારશ્રીમાં રજુ કરવાની જવાબદારી વલસાડ નગરપાલિકા નિભાવશે.તેમ ઠરાવવામા આવ્યું.

**(૩)** યોજનાની કામગીરી અમલીકરણ દરમ્યાન વલસાડ નગરપાલિકા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને સંપુર્ણ સહકાર આપશે તેમ ઠરાવવામાં આવ્યું.

**(૪)** મંજુર યોજનાની અંદાજીત કિંમત ૧૦% હિસ્સો તથા ખર્ચમાં મંજુર અંદાજીત કિંમત નગરપાલિકા ભોગવશે તેમ ઠરાવવામાં આવ્યું.

**(૫)** યોજનાની મંજુરી વખતે જરૂરી ફરજીયાત અને મરજીયાત રીફોર્મ સમયબઘ્ધ રીતે કરવાની વલસાડ નગરપાલિકા અમલીકરણ કરશે તેમ ઠરાવવામાં આવ્યું.

**(૬)** યોજના અમલીકરણ કામગીરી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ મારફતે મંજુર ટેન્ડર પ્રમાણે પુર્ણ થયેથી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના માર્ગદર્શન મુજબ યોજના મરામત અને નિભાવણી અર્થે નગરપાલિકા સંભાળી લેશે તેમ ઠરાવવામાં આવ્યું.

**(૭)** આ અંગે અમૃત મિશન ગાઈડ લાઈન મુજબ થર્ડ પાર્ટી એગ્રીમેન્ટ કરવાનું મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ આ યોજના અન્વયે જે કાંઈ કામગીરી કરવાની થાય તે બાબતનો જે કાંઈ નિર્ણય કરવાનો થાય તે તથા સરકારી એજન્સી કામ કરવા તૈયાર ન થાય તો તે સંજોગોમા આગળની તમામ કામગીરી કરવાની સત્તા પ્રમુખશ્રી વલસાડ નગરપાલિકા ને સર્વાનુમતે સોપવામા આવે છે તેમ ઠરાવવામા આવે છે.

–મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૩૧ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

.....................................................................................

વ.કા.નં.૧૫

વિષય.: વલસાડ નગરપાલિકામા વર્ગ–૪ની ઝાડુવાળા સફાઈ કામદાર, હરીજન કામદારની ભરતી કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ.:**

વલસાડ નગરપાલિકાની મંજુર થયેલ મહેકમની ૨૦% કાપ બાદ બાકી રહેતી જગ્યાઓની નિમણુક આપવા બાબતે નગરપાલિકા ધ્વારા પત્રનંબર.: ૨૧૮૮/ તા.:૨૦–૨–૨૦૧૬ તથા જાવક નંબર.: ૨૨૧૮/ તા.:૨૩–૨–૨૦૧૬થી રજુ કરવામા આવેલ.સદર દરખાસ્તને મે.નગરપાલિકા નિયામકશ્રીની કચેરી ધ્વારા હુકમ નંબર.:નપાની / મહેકમ–૧/ વલસાડ/ ફા.ન.૧૨૯૨ / વશી /૨૦૧૬, તા.: ૨૩–૨–૨૦૧૬થી શરતોને આધીન ૧૦૫ જગ્યાઓ ભરવા માટે મંજુરી મળેલ છે.

ઉપરોકત મંજુરીને ધ્યાનમા લઈ નગરપાલિકા ધ્વારા દૈનિક પેપર–ગુજરાત સમાચાર, તા.:૮– ૩–૨૦૧૬ના રોજ જાહેરાત પ્રસિધ્ધ કરવામા આવેલ જેમા જણાવ્યા મુજબ ઝાડુવાળા સફાઈ કામદાર સંખ્યા– ૩૯ તેમજ હરીજન(વાલ્મીકી)સફાઈ કામદાર સંખ્યા–૪૧ જગ્યાઓ ભરવા માટે પ્રસિધ્ધી કરવામા આવેલ .સદર જાહેરાતના અનુસંધાનમા નગરપાલિકા કચેરીએ ઉમેદવારો પાસે અરજીઓ મંગાવવામા આવેલ.આવેલ અરજીઓ અન્વયે નગરપાલિકા કચેરીમા ઈન્ટરવ્યુ માટે પસંદગી સમીતી સમક્ષ તા.:૨–૪–૨૦૧૬ના રોજ સ્વખર્ચે ઉપસ્થિત રહેલ હતાં.સદરહુ પસંદગી સમીતીમા ઉપસ્થિત રહેલ ઉમેદવારોની વિગતો દર્શાવતા પત્રકો આ સાથે સામેલ છે.સદર પત્રકમા હરીજન સફાઈ કામદારોની યાદીમા કુલ–૩૮ ઉમેદવારો ઉપસ્થિત રહેલ હતાં.જાહેરાતમા દર્શાવેલ લાયકાત મુજબ ૩૮ પૈકી ૧૪ ઉમેદવારો પોતાનો દશ વર્ષનો અનુભવ અને ધોરણ–૪ની શૈક્ષણીક લાયકાત ધરાવે છે.જયારે ઝાડુવાળા સફાઈ કામદારો દશ વર્ષનો અનુભવ ધરાવતા એવા ૧૧૪ ઉમેદવારો છે.જે પૈકી ધોરણ–૪ની શૈક્ષણીક લાયકાત ધરાવતા ૭૯ ઉમેદવારો છે જેની યાદી આ સાથે સામેલ છે.પસંદગી સમીતીના યાદીમા જરૂરી લાયકાત ,અને અનુભવ ધરાવતા એવા ઉમેદવારોને મે.કલેકટર સાહેબની બહાલીની અપેક્ષાએ શરતી નિમણુક આપવાનુ ઠરાવવામા આવે છે.

વધુમા ઉપરોકત વિગતોને ધ્યાને લેતા અન્ય ઉમેદવારોના અનુભવ અને શૈક્ષણીક લાયકાતમા ન આવતા ઉમેદવારોમા ઘણા જુના વર્ષની રોજીંદા કામદાર તરીકેની સેવાને ધ્યાનમા લઈ પસંદગી સમીતીમા જે ઉમેદવારો રહી જવા પામેલ છે. તેવા સંજોગોમા પસંદગી સમીતીના તા.:૨૬–૩–૨૦૧૬થી ઠરાવ્યા મુજબ અરજદારની ઉમર માટે નગરપાલિકામા જેટલા વર્ષ નોકરી કરેલ હોય તે હાલની ઉંમરમાથી બાદ કરવી અને નગરપાલિકામા રોજીંદા દરે નોકરી કરી જે તારીખ ધ્યાને લેવાનુ નકકી કરવામા આવે છે.

વર્ગ–૪ના કર્મચારીઓની ભરતી માટેની કાર્યવાહી હાથ ધરેલ હતી . નગરપાલિકા કક્ષાએ ઉમેદવારોની પસંદગી કરવાની સત્તા પસંદગી સમીતીને છે અને ઉંમદવારોને પસંદગી માટે ઈન્ટરવ્યુ લેવા માટેનો નિર્ણય લેવામા આવેલ છે.હાલના ધારાધોરણ મુજબ વર્ગ–૪ના ઉમેદવારોને ધોરણ–૪ પાસ હોવાની લાયકાત જરૂરી છે.પરંતુ વર્ગ–૪ના સફાઈ કામદારો છેલ્લા ૨૦ થી ૨૫ વર્ષ રોજીંદા દરે કામદાર તરીકે કામગીરી કરે છે અને આવા કામદારોને સીન્યોરીટીના આધારે સમાવવા વિચારણા કરવામા આવેલ છે.નગરપાલિકાની મહેકમ મંજુર થયુ તે વેળાએ સફાઈ કામગીરીનો અનુભવ ધ્યાને લેવામા આવતો હતો.અન્ય વિભાગોની જે લાયકાતો છે જે જોતા જે તે સમયે આવી જોગવાઈઓ થયેલ ન હતી.હાલે રોજીંદા દરે કામગીરી કરતાં અને સીન્યોરીટીમા આવતા એવા ઉમેદવારોને ખાસ કિસ્સામા સહાનુભુતિ પુર્વક વિચારણા કરીને તેઓની લાંબા સમયના સફાઈ કામનો અનુભવને ધ્યાને લઈ ઉમર તેમજ લાયકાતમા છુટ છાટા આપવાનુ નકકી કરેલ છે.તે મુજબ નગરપાલિકામા તા.:૨–૪–૨૦૧૬ના રોજ પસંદગી સમીતી સમક્ષ ઉપસ્થિત રહી પસંદગી પામેલ ઉમેદવારોની પ્રસિધ્ધ થયેલ યાદીને બહાલ રાખી લાયકાત અને અનુભવ ધરાવતા એવા ઉમેદવારોને મે.કલેકટર સાહેબ,કલેકટર કચેરી,વલસાડની બહાલીની અપેક્ષાએ શરતી નિમણુક આપવાનુ તેમજ અન્ય ઉમેદવારો શૈક્ષણીક લાયકાત ,અનુભવના આધારે છુટ છાટ આપવા માટે સરકારશ્રી પાસેથી યોગ્ય માર્ગદર્શન મેળવવા માટે રજુ કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૩૨ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

.........................................................................

વ.કા.નં.૧૬
વિષય.: રોડ સ્વીપર મશીન ખરીદ કરવા અંગેના આવેલ ટેન્ડરના ભાવો મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ.:**

કારોબારી સમીતી ઠરાવ નંબર.: ૫૯૭/તા.:૯–૩–૨૦૧૬ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના જુદા જુદા વિસ્તારોમા સફાઈ કામે રોડ સ્વીપર મશીન ખરીદ કરવાના કામે દૈનિક પેપરમા જાહેરાત પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ કરાવવામા આવતા મુદત દરમ્યાન કુલ–૨(બે)ટેન્ડરો આવેલ છે.સદર આવેલ ટેન્ડરોનુ તુલનાત્મક પત્રક જોતા એકંદરે ટેન્ડરરશ્રી મારૂતી સેલ્સ કોર્પોરેશન, અમદાવાદનું ટેન્ડર રૂા.:૨૦,૭૫,૦૦૦–અંકે રૂપિયા વીસ લાખ પંચોતેર હજાર પુરા જે અન્ય આવેલ ટેન્ડરરના ભાવો કરતાં સૌથી ઓછા ભાવનું ટેન્ડરઆવેલ છે.જે મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૩૩ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

.....................................................................................

વ.કા.નં.૧૭

વિષય.: નામદાર સરકારશ્રીની શહેરી સ્થાનીક સંસ્થાઓ માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ,ગાંધીનગરના પત્ર નં. મફબ / જનરલ વ્યવસાય વેરા ૫૦% નગરપાલિકા ગ્રાન્ટ ફાળવણી /૨૦૧૫–૧૬/ વશી –૪૯૯૫ / તા.: ૩૧–૦૩–૨૦૧૬થી ફાળવેલ ગ્રાન્ટમાથી વિકાસના કામો કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ.:**

નામદાર સરકારશ્રીની શહેરી સ્થાનીક સંસ્થાઓ માટે વ્યવસાય વેરા વસુલાતમાથી કરવાના કામો માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ,ગાંધીનગરના પત્રનં.: મફબ / જનરલ વ્યવસાય વેરા ૫૦% નગરપાલિકા ગ્રાન્ટ ફાળવણી /૨૦૧૫–૧૬/ વશી –૪૯૯૫ / તા.: ૩૧–૦૩–૨૦૧૬થી સને ૨૦૧૫–૧૬ના વર્ષ માટે ફાળવેલ ગ્રાન્ટમાથી વલસાડ નગરપાલિકાને વ્યવસાય વેરાની ૫૦% ગ્રાન્ટ ફાળા અન્વયે રૂા.: ૬૧,૫૪,૩૬૫–ફાળવવામા આવેલ છે.ફાળવેલ ગ્રાન્ટ ફાળવવામા આવેલ છે જે પૈકી કપાત રકમ રૂા.:૨૨,૪૦,૯૩૫–બાદ કરતાં બાકી રહેલ ચોખ્ખી મળેલ ગ્રાન્ટ રૂા.: ૩૯,૧૩, ૪૩૦/– નગરપાલિકાને ફાળવેલ છે.સદર ગ્રાન્ટમાથી (૧) મોગરાવાડી વિસ્તારમા મણીનગરથી સોનીયા પેલેસ સુધીની ૨૫૦એમ.એમ.ડાયાની પીવાના પાણીની ડીઆઈ.કે.૭ –૯૨૦મીટર પાઈપ લાઈન નાંખવા અંગેનું કામ રૂા.:૨૯,૬૬, ૦૦૦–પુરા.. (૨) સ્ટ્રીટ લાઈટ ,ટાઈમર સ્વીચ નાંખવા અંગેનુ કામનો એસ્ટીમેઈટ રૂા.:૧૦,૦૦,૦૦૦–પુરાનું મંજુર કરી ધોરણસરની જરૂરી દરખાસ્ત કરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૩૪ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

........................................................................................

વ.કા.નં.૧૮
વિષય.: નામદાર સરકારશ્રીની શહેરી સ્થાનીક સંસ્થાઓ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક.: મફબ / મનોરંજન કર / કેબલ ટીવી ગ્રાન્ટ/૨૦૧૫–૧૬/ વશી –૪૬૨૭ / તા.: ૩૧–૦૩–૨૦૧૬થી નગરપાલિકાને મનોરંજન કર કેબલટીવી ગ્રાન્ટ અન્વયે રૂા.: ૫,૫૬,૪૫૮–ફાળવવામા આવેલ છે.ફાળવેલ ગ્રાન્ટમાંથી વિકાસના કામો કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ.:**

નામદાર સરકારશ્રીની શહેરી સ્થાનીક સંસ્થાઓ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક.: મફબ / મનોરંજન કર / કેબલ ટીવી ગ્રાન્ટ/૨૦૧૫–૧૬/ વશી –૪૬૨૭ / તા.: ૩૧–૦૩–૨૦૧૬થી નગરપાલિકાને મનોરંજન કર કેબલટીવી ગ્રાન્ટ અન્વયે ફાળવેલ ગ્રાન્ટ રૂા.:૧૧,૧૨,૯૧૭–પૈકી કપાત કરવામા આવેલ રકમ બાદ કરતા ચોખ્ખી મળવાપાત્ર ગ્રાન્ટ રકમ રૂા.: ૫,૫૬,૪૫૮–ફાળવવામા આવેલ છે.સદર ગ્રાન્ટમાથી શહેરના વિકાસના કામો મંજુર કરવા તે અંગેની ધોરણસરની જરૂરી દરખાસ્ત કરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

.................................................................................

વ.કા.નં.૧૯

વિષય.: નામદાર સરકારશ્રીની શહેરી સ્થાનીક સંસ્થાઓ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક.: મફબ / મનોરંજન કર /એસસીએસપી/ /૨૦૧૫–૧૬/ વશી –૪૮૧૫ / તા.: ૩૧–૦૩–૨૦૧૬થી નગરપાલિકાને મનોરંજન કર એસસીએસપી ઘટક હેઠળ ફાળવેલ ગ્રાન્ટ રૂા.: ૨,૩૩,૭૬૫–ફાળવવામા આવેલ છે.ફાળવેલ ગ્રાન્ટમાંથી વિકાસના કામો કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ.:**

નામદાર સરકારશ્રીની શહેરી સ્થાનીક સંસ્થાઓ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક.: મફબ / મનોરંજન કર /એસસીએસપી/ /૨૦૧૫–૧૬/ વશી –૪૮૧૫ / તા.: ૩૧–૦૩–૨૦૧૬થી નગરપાલિકાને મનોરંજન કર એસસીએસપીની ઘટક અન્વયે ફાળવેલ ગ્રાન્ટ રૂા.: ૨,૩૩,૭૬૫–ની ફાળવણી કરવામા આવેલ છે.સદર ગ્રાન્ટમાથી શહેરના વિકાસના કામો મંજુર કરી તે અંગેની ધોરણસરની જરૂરી દરખાસ્ત કરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

..........................................................................................

વ.કા.નં.૨૦.:

વિષય.: મહાત્માગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત નગરપાલિકાને ખુલ્લામા થતી શૌચક્રિયામાંથી મુકિત (ઓ.ડી.એફ.)જાહેર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ.:**

સને ૨૦૧૧ સેન્સસ મુજબ વલસાડ નગરપાલિકા વિસ્તારમા કુલ –૫૭૨૪ કુટુંબો શૌચાલય વિહોણા જણાયેલા આ તમામ કુટુંબોને વ્યકિતગત શૌચાલયની સુવિધા પુરી પાડવા માટે નામદાર સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગર તથા ગુજરાત મ્યુનિસપલ ફાયનાન્સ બોર્ડ,ગાંધીનગર તરફથી વલસાડ નગરપાલિકાને ૫૭૨૪ વ્યકિતગત શૌચાલયો બનાવવાનો લક્ષ્યાંક ફાળવવામા આવેલ હતો.

નગરપાલિકાને ફાળવેલ લક્ષ્યાંક મુજબ નગરપાલિકાએ ૧૦૦% કામગીરી પુર્ણ કરેલ છે.નામદાર ગુજરાત સરકારે મહાત્માગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત રાજયમા આવેલ તમામ નગરપાલિકાઓને ખુલ્લામા થતી શૌચક્રિયામાથી મુકત (ઓ.ડી.એફ.)જાહેર કરવા અભિયાન જાહેર કરેલ છે.અને આ કાર્યક્રમ અંતર્ગત મે.મિશન ડાયરેકટર શ્રી મહાત્માગાંધી સ્વચ્છતા મિશન શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પત્ર ક્રમાંક.: મસમ / ૧૦૨૦૧૪/ એમ.જી.એસ.એમ.સેલ. તા.: ૨–૪–૨૦૧૬થી જરૂરી સુચનાઓ આપેલ છે.નગરપાલિકાને ફાળવેલ લક્ષ્યાંક મુજબ શૌચાલય વિહોણા કુટુંબોને ૧૦૦% વ્યકિતગત શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે.અને મે.મિશન ડાયરેકટરશ્રી મહાત્માગાંધી સ્વચ્છતા મિશન,ગાંધીનગરના તા.:૨–૪–૨૦૧૬મા જણાવેલ સુચનાઓ મુજબ નગરપાલિકાએ સ્કુલોમા સર્વે કરાવી જુદા જુદા વિસ્તારોમા નાટકો કરાવી, તેમજ નગરપાલિકા વિસ્તારમા હજી પણ જો કોઈ કુટુંબ શૌચાલય વિહોણું રહી ગયેલ હોય તેવા કુટુંબોની યાદી તૈયાર કરાવી સર્વે દરમ્યાન મળી આવેલ ૪૯૭ કુટુંબોને વ્યકિતગત શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે નવા વર્ક ઓર્ડર ઈસ્યુ કરી દેવામા આવેલ છે.તેઓને તા.:૩૧–૫–૨૦૧૬ સુધીમા વ્યકિતગત શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવી વલસાડ નગરપાલિકાને જાહેરમા થતી શૌચક્રિયામાથી મુકત ( ઓ.ડી.એફ.)જાહેર કરી તે અંગે દરખાસ્તમે.કલેકટર સાહેબ,વલસાડની કચેરીની ભલામણ સહ નામદાર સરકારશ્રીમા સાદર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

........................................................................................................

વ.કા.નં.:૨૧.:

વિષય.: શ્રી મોરારજી દેસાઈ સીટી મ્યુઝીયમ, રંગઉપવન ઓડીટોરીયમ તેમજ સ્પોટર્સ કોમ્પલેક્ષ ખાતે સાફ –સફાઈ વેકયુમ કલીનર થી સફાઈ કરવાના કામ બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ.:**

નામદાર સરકારશ્રીની યોજના હેઠળ નગરપાલિકા ધ્વારા બનાવવામા આવેલ શ્રી મોરારજી દેસાઈ સીટી મ્યુઝીયમ, રંગઉપવન ઓડીટોરીયમ તેમજ સ્પોટર્સ કોમ્પલેક્ષનું ઉદઘાટન ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે કરવામાં આવનાર હોય. ઉપરોકત જણાવેલ ત્રણેય સ્થળોને સાફ – સફાઈ વેકયુમ કલીનર થી સફાઈ કરવાની જરૂરીયાત હોવાથી સદરહું કામગીરી વલસાડના સ્થાનિક એવા " એરા કાર સ્પા" રાજન નગર,અબ્રામા, વલસાડ પાસેથી સ્પોટર્સ કોમ્પલેક્ષ ખાતે તા.: ૦૮ / ૦૯ /૧૦ –૭–૨૦૧૫ ત્રણ દિવસ તેમજ ઓડીટોરીયમ ખાતે તા.:૦૭ /૦૮/ ૦૯ /૧૦–૭–૨૦૧૫ ચાર દિવસો સુધી સાફ – સફાઈની કામગીરી કરાવેલ છે.કરાવેલ કામગીરીને કા.સ.ઠ.નં.૫૭૨/ તા.:૧૫–૦૨–૨૦૧૬ થી સદરહું કરાવેલ કામગીરીને બહાલ રાખવામાં આવેલ છે. જેથી " એરા કાર સ્પા" વલસાડ પાસેથી સાફ – સફાઈ વેકયુમ કલીનર થી કામગીરી કરાવેલ છે જે અન્વયેના ઠેકેદારશ્રી તરફથી આવેલ બીલોનું ચુકવણુ કરવાનું બહાલ રાખી કમગીરીનો ખર્ચ મંજુર કરી આવેલ બીલોનુ ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૩૮ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

...........................................................................................

વ.કા.નં.:૨૨.:

વિષય.: નામદાર સરકારશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક.: સજય/ ૧૦૨૦૧૩/ ૨૨૭/ધ. સચીવાલય,ગાંધીનગર, તા.:૦૪–૦૨–૨૦૧૬ના ઠરાવ અન્વયે ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર ના હુકમ નંબર.: મફબ /SJMMSVY-78 /૨૦૧૫–૧૬/૯.ન.પા./આ.હ./૨૦૧૬/ ૩૫૫૦/તા.:૦૯–૦૩– ૨૦૧૬ થી રોડ રીસફેસીગના કામે ગ્રાન્ટની ફાળવણી કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ.:**

નામદાર સરકારશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક.: સજય/ ૧૦૨૦૧૩/ ૨૨૭/ધ. સચીવાલય,ગાંધીનગર, તા.:૦૪–૦૨–૨૦૧૬ના ઠરાવ અન્વયે ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર ના હુકમ નંબર.: મફબ /SJMMSVY-78 /૨૦૧૫–૧૬/૯.ન.પા./આ.હ./૨૦૧૬/ ૩૫૫૦/તા.:૦૯–૦૩– ૨૦૧૬ થી વલસાડ નગરપાલિકાને અ વર્ગની નગરપાલિકા હોય, રોડ રીસફેસીંગના કામો માટે મુખ્ય કારોબારી અધિકારી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગરના પરિશિષ્ટમા જણાવ્યા મુજબ રૂા.:૫.૨૫ લાખ મળવાપાત્ર જણાવેલ છે જે અન્વયે
નામદાર સરકારશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક.: સજય/ ૧૦૨૦૧૩/ ૨૨૭/ધ. સચીવાલય, ગાંધીનગર,તા.:૦૯–૦૪–૨૦૧૫ના ઠરાવમા જણાવ્યા પ્રમાણે વલસાડ અ વર્ગની નગરપાલિકા ને રૂા.:૧.૫૦ લાખની ફાળવણી કરેલ છે અને સદરહું ફાળવણી કરેલ રકમની નગરપાલિકા ધ્વારા કામો પુર્ણ કરવામા આવેલ છે. ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર ના હુકમ નંબર.: મફબ /SJMMSVY-78 /૨૦૧૫–૧૬/૯. ન.પા./ આ.હ./ ૨૦૧૬ / ૩૫૫૦/તા.:૦૯–૦૩– ૨૦૧૬ થી વલસાડ નગરપાલિકાને અ વર્ગની નગરપાલિકા હોય, રોડ રીસફેસીગના કામો માટે મુખ્ય કારોબારી અધિકારી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગરના પરિશિષ્ટમા જણાવ્યા મુજબ રૂા.:૫.૨૫ લાખ મળવાપાત્ર જણાવેલ છે પરંતુ પરિશિષ્ટ કોમલ નં.૫મા જણાવ્યા મુજબ વલસાડને ૨.૦૦ કરોડની ફાળવણી કરેલ છે એમ જણાવેલ છે.પરંતુ વલસાડ નગરપાલિકાને રોડ રીસફેસીગના કામે ફકત રૂા.:૧.૫૦ લાખની ફાળવણી કરેલ છે જેનો ધ્યાને લઈ નામદાર સરકારશ્રીની ફાળવેલ રકમ રૂા.:૫.૨૫ કરોડ પૈકીની બાકી પડતી રકમ રૂા.:૩.૭૫ કરોડની
નગરપાલિકા હદ વિસ્તારમા જુદા જુદા સ્થળોએ ભુર્ગભ ગટર તેમજ પીવાના પાણીની લાઈન નાંખવાના કારણે ખરાબ થઈ ગયેલ રસ્તાઓને રીસફેસીગ કરવાના કામોનો એસ્ટીમેઈટ મંજુર કરી ,કામની જરૂરી દરખાસ્ત કરી મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૩૯ / તા.:૨૯– ૦૪– ૨૦૧૬

..........................................................................................

વ.કા.નં.૨૩.:

વિષય.: દોડીયા ટેકરા પાસે આવેલ પમ્પીગ સ્ટેશન પાસે પાઈપ લાઈન નાંખવાની કામગીરી બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

જ.બો.ઠ.નં.૯૯૯/ તા.:૨૯–૧–૨૦૧૬થી દોડીયા ટેકરા પાસે આવેલ પમ્પીગ સ્ટેશન પાસે આવેલ ઈનલેટ લાઈન એક પોરશનમા ચોમાસામા પાણી ભરાય જવાના કારણેો જમીન ધોવાઈ જતાં લાઈન અને ચેમ્બર બેસી જવા પામેલ છે.સદરહુ કામગીરીમા સ્થળ ઉપર કામગીરી કરતાં ઈજનેરશ્રીના આવેલ રીપોર્ટ મુજબ ૪૩ મીટર લંબાઈની ૬૦૦એમ.એમ. ડાયાની લાઈન નાંખવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે જે અંગેના વધારેનો અંદાજીત ખર્ચ રૂા.:૨,૭૧,૩૧૦– નું એસ્ટીમેઈટ આવેલ છે.સદર એસ્ટીમેઈટ મંજુર કરી કામગીરી કરાવવાનુ મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..